# પ્રકરણ : ૨૨

## કામરાજ યોજના : મોરારજી વિરૂધ્ધનું ષદયંત્ર ?

**-કેરસી દેબુ**

આઝાદી પછીના શરૂઆતના વર્ષોમાં કેન્દ્રમા કોંગ્રેસ પાર્ટીને બહુ ભારે બહુમતિ મળી હતી. કોંગ્રેસ પછી બીજા સ્થાને સામ્યવાદીઓ અને સમાજવાદી પક્ષના સભ્યો હતા. કોંગ્રેસ પાસે ભારે બહુમતિ હોવા છતાં અનુભવી અને કુશળ મંત્રીઓની ખોટ વર્તાતી હતી. વડાપ્રધાન તરીકે જવાહરલાલે જુદા જુદા રાજ્યોમાંથી કેટલાક અનુભવી અને કુશળ વ્યક્તિઓને આમંત્રણ આપી કેન્દ્ર સરકારમા જોડયા. મુંબઈ રાજયના સફળ ગૃહમંત્રી અને મુખ્યમંત્રી એવા મોરારજીભાઈને ૧૯૫૬ મા કેન્દ્રના પ્રધાનમંડળમા વેપાર-ઉદ્યોગ ખાતાના કેબીનેટ કક્ષાના મંત્રી તરીકે સ્થાન મળ્યું.

જવાહરલાલની રીતિનીતિ ડાબેરી ઝોક ધરાવતી હતી જયારે મોરારજીભાઈ મધ્યમમાર્ગી હતા. જવાહરલાલની અનેક યોજનાઓનો મોરારજીભાઈ વિરોધ કરતા અથવા તેમા સુધારા કરવા દબાણ કરતા. જવાહરલાલ ‘હા’ માં ‘હા’ મેળવે તેવા પ્રધાનો ઈચ્છતા હતા પરંતુ મોરારજીભાઈ પાસે એવી અપેક્ષા રાખી શકાય નહીં. અન્ય પ્રધાનો જવાહરલાલ સામે બોલવાની પણ હિંમત કરતા નહીં ત્યારે મોરારજીભાઈ પોતાનો અભિપ્રાય સ્પષ્ટ રજુ કરતા હતા. પરિણામે કેટલાક પ્રસંગે જવાહરલાલનો અહમ ઘવાયો હતો.

ભારતને આઝાદી આપવાનો ઠરાવ જયારે બ્રિટીશ પાર્લામેન્ટમા રજુ થયો હતો ત્યારે બ્રિટીશ વડાપ્રધાન ચર્ચિલે પાર્લામેન્ટમા કહ્યું હતું કે “આપણે ભારતની લગામ ચોર-લુટારા અને બહારવટીયાને સોંપી રહ્યા છીએ.” ચર્ચિલને સાચો પુરવાર કરવાની ઉતાવળ હોય એમ આઝાદી મળ્યા પછી શરૂઆતના વર્ષોમાં જ સરકાર સામે ભ્રષ્ટાચાર અને લાંચ રૂશવતના આક્ષેપો થવા લાગ્યા. મોરારજીભાઈ જેવા અણિશુધ્ધ પ્રમાણિક રાજકારણીઓ બહુ ઓછા હતા.

૧૯૫૭ માં સંસદમા મુંદડા પ્રકરણ ખૂબ ગાજયું. હરિદાસ મુંદડાની કંપનીઓએ બનાવટી શેરો બહાર પાડ્યા અને તે શેરો એલ.આઈ.સી. એ ખરીદ કર્યા. નાણાંપ્રધાન તરીકે ટી.ટી.કૃષ્ણામાચારી સામે જવાહરલાલના જમાઈ એવા ફિરોઝ ગાંધીએ સંસદમાં આક્ષેપો કર્યા. પરિણામે સરકારે જસ્ટીસ ચાગલાની આ પ્રકરણમા તપાસ કરી રિપોર્ટ રજુ કરવા નિમણુંક કરી. જસ્ટીસ ચાગલાએ શ્રી ટી.ટી.કૃષ્ણામાચારી, એચ.એમ.પટેલ અને સચિવ શ્રી કામઠને તપાસ્યા અને રિપોર્ટમા શ્રી કૃષ્ણામાચારીને જવાબદાર ઠેરવ્યા. પરિણામે નાણાંપ્રધાન તરીકે શ્રી કૃષ્ણામારીએ રાજીનામું આપવું પડયું. શ્રી કૃષ્ણામાચારીના રાજીનામા બાદ નાણાં ખાતાના પ્રધાન તરીકે તા.૨૨ મી માર્ચ ૧૯૫૮ ના રોજ મોરારજીભાઈએ શપથ લીધા.

એક પછી એક સીનીયર પ્રધાનોની વિદાયથી કે રાજીનામાથી સીનીયોરીટી પ્રમાણે મોરારજીભાઈની નંબર ત્રીજા સ્થાને આવ્યો હતો. બીજા સ્થાને ગૃહપ્રધાન શ્રી પંત રહ્યા.

સન ૧૯૬૨ મા ચીન સાથેના યુધ્ધ પછી જવાહરલાલની પ્રતિષ્ઠા ખુબ ઘટી ગઈ હતી. તેઓની ઉંમર પણ વધી રહી હતી. દેશમા જવાહરલાલ પછી કોણ? ની ચર્ચા પણ ચાલતી હતી. સ્વાભાવિક રીતે સૌથી સીનીયર કેબીનેટ મંત્રી તરીકે મોરારજીભાઈનું  નામ ચર્ચામાં હતું પરંતુ જવાહરલાલના મગજમા પોતાના અનુગામી તરીકે ઈન્દીરાજીને સ્થાને મળે તેવી ગોઠવણ કરવાનું હતું પરિણામે શરૂઆતમા મોરારજીભાઈને સ્થાને શ્રી લાલબહાદુર શાસ્ત્રીને નીમીને મોરારજીભાઈને આંચકો આપ્યો હતો.

ચીન સામે યુધ્ધ હારી જવાને કારણે તથા જવાહરલાલના સમયમા થયેલા અનેક કૌભાંડોને કારણે કોંગ્રેસની પ્રતિષ્ઠા ખૂબ નીચે પહોંચી હતી અને નજીકમા આવી રહેલી ચૂંટણીમા પાર્ટીનું ધોવાણ થાય એવું લાગી રહ્યું હતું. આ સમયે પાર્ટીને ફરીથી મજબૂત કરવા પાર્ટીના સીનીયર નેતાઓ પ્રધાન પદ ત્યાગી પાર્ટીના કામે લાગી જાય એવી ગણતરીથી એક યોજના બનાવવામાં આવી. જે 'કામરાજ યોજના' તરીકે જાહેર છે. કામરાજ યોજનાનો મૂળભૂત હેતુ તો પાર્ટીને મજબૂત કરવાનો હતો પરંતુ જવાહરલાલનો ઈરાદો એ બહાને સીનીયર નેતાઓને ખસેડીને ઈન્દીરાજીને આગળ લાવવાનો હતો.

મોરારજીભાઈની આત્મકથા 'મારૂ જીવનવૃતાંત' માંથી એમના શબ્દો વાંચીએ.

"કામરાજ યોજનામાં મને આવરી લેવાનું કારણ પાછળથી હું બરાબર સમજયો હતો. તેમ છતાં મેં એ વિશે કોઈપણ જાતનો વિવાદ ઉભો કર્યો ન હતો કારણ મને મંત્રીપદેથી છૂટો થવામાં કોઈપણ જાતનો ક્ષોભ ન હતો, બલકે એને હું ઈશ્વરકૃપા સમજતો હતો. ઉપનેતાની જગ્યામાંથી મને દૂર રાખવા માટે જે ચાલબાજી પહેલાં જવાહરલાલજીએ કરી હતી ત્યાર પછી હું એમના પછી એમની જગ્યાએ ન આવું એના માટેની આ એમની બીજી ચાલબાજી હતી એમ હું માનું છું. ઈન્દીરાબહેન એમના પછી એમની જગ્યાએ આવે એમ તેઓ ઈચ્છતા હતા. એમાં કાંઈ નવું પણ ન હતું. પંડિત મોતીલાલજીએ કોંગ્રેસ પ્રમુખ તરીકે એમના પછી જવાહરલાલજી આવે એ પ્રમાણે કરવા ગાંધીજીને વિનવ્યા હતા અને તે મુજબ જવાહરલાલજી એમના પછી કોંગ્રેસ પ્રમુખ થયા હતા એ એક ઐતિહાસિક હકીકત છે. મારી સામે આ ખાસ પગલું ન હતું એવો દેખાવ કરવા માટે જ લાલબહાદુરજીને પણ કામરાજ યોજનામાં સામેલ કર્યા હતા પરંતુ લાલબહાદુરજીને ત્રણચાર મહિના પછી પાછા મંત્રીમંડળમાં લેવામાં આવશે એવી સમજૂતી હતી એમ હું સમજયો છું. તેથી જ લાલબહાદુરજીએ એમનું મકાન છોડયું ન હતું અને એમનો અંગત સ્ટાફ પણ એમની સાથે કામ કરતો જ હતો. અને આખરે ૧૯૬૪ ના ફેબ્રુઆરીમાં એ પાછા કેબીનેટમાં દાખલ પણ થઈ ગયા હતા. હું છૂટો થયો તે પહેલાં જયારે અમારી કેબીનેટની છેલ્લી બેઠક મળી ત્યારે મારી કામગીરી બદલ નોંધ લેવામાં આવી હતી. જવાહરલાલજીએ કેટલાક મંત્રીઓ પાછા આવશે એવી આશા પણ વ્યકત કરી હતી જે શ્રી લાલબહાદુરજીની બાબતમાં સાચી પડી હતી.

શ્રી કામરાજ, જગજીવનરામ અને હું એમ અમારી ત્રણ જણાની કોંગ્રેસીઓની સામે જે આક્ષેપો આવે એની તપાસ કરવા માટે કામરાજ યોજના હેઠળ એક સમિતિ નીમવામાં આવી હતી. એ રીતે કોંગ્રેસ પક્ષના સંગઠનનું એક વિશેષ કામ આ સમિતિને સોંપવામાં આવ્યું હતું. પરંતુ શ્રી કામરાજને કોંગ્રેસના પ્રમુખ તરીકે ચૂંટાવાનું નક્કી થયું ત્યારપછી આ સમિતિનું કામકામ બંધ થઈ ગયું હતું અને શ્રી કામરાજ પ્રમુખ થયા પછી એને ખતમ કરી દેવામાં આવી હતી.

૧૯૬૩ ના નવેમ્બરની આખરે એક દિવસ વર્કીંગ કમીટીની બેઠકમાં અતુલ્યબાબુએ જવાહરલાલજીની સંમતિથી કામરાજ કોંગ્રેસના નવા પ્રમુખ ચૂંટાય એ જાતની દરખાસ્ત મૂકી હતી. આ વિશે કેટલાક લોકોએ અંદરોઅંદર વાત કરી લીધી હતી એમ ત્યારે હું સમજયો હતો. મને એ વિશે કોઈ ખબર આપવામાં આવી ન હતી અને એકદમ આ પ્રમાણે દરખાસ્ત મૂકવામાં આવી હતી. એ દરખાસ્તનો કોઈએ વિરોધ કર્યો ન હતો. ખરી રીતે જોતાં જે જાતના હેતુથી કામરાજ યોજના થઈ હતી એ હેતુ બર લાવવા માટે એમણે મને કોંગ્રેસના પ્રમુખ થવા માટે કહેવું જોઈતું હતું."